સરપંચની 'દાદાગીરી' : જે થાય તે કરી લો, રસ્તો તો આજ મટીરિયલમાં જ બનશે

ફતેપુરામાં તકલાદી રોડ મુદ્દે ઉગ્ર વિરોધ

ગ્રામજનોએ કહ્યું 'ધોરણ મુજબ બનાવો તો જ બનવા દઈશું'

(પ્રતિનિધિ) ફતેપુરા તા.3

ફતેપુરા તાલુકાના ગામમાં ગ્રામ પંચાયત દ્વારા હાથ ધરાયેલા રોડ બાંધકામમાં ગેરરીતિનો આક્ષેપ કરી સ્થાનિક રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગ્રામ પંચાયત ફતેપુરા દ્વારા હોળી ચકલાથી લઈ હીરાપુર વાળા ના ઘર સુધી નો રસ્તો ખૂબ જ હલકા અને સરકારી ધારાધોરણ વિરુદ્ધના મટીરિયલથી બનાવવામાં આવી રહ્યો છે. જ્યારે સ્થાનિકોએ આ અંગે વાંધો ઉઠાવ્યો અને ગુણવત્તાયુક્ત મટીરિયલની માંગ કરી, ત્યારે

ગામના સરપંચ દ્વારા ખોટી રીતે ગ્રામજનોને ડરાવી ધમકાવી 'દાદાગીરી' કરવામાં આવી હોવાનો આક્ષેપ થયો છે. વિરોધ કરી રહેલા લોકોનો એક વિડિયો પણ સામે આવ્યો છે. જેમાં સરપંચ કહેતા સંભળાય છે કે, "જે થાય તે કરી લો, રસ્તો તો આજ મટીરિયલમાં જ બનશે. રહીશોએ સ્પષ્ટ કહ્યું છે કે, "15મા નાણાપંચની ગ્રાન્ટમાંથી બનતો આ રોડ IRC અને PMGSYના સરકારી ધોરણ મુજબ 6 ઈંચ GSB + 4 ઈંચ DLC + 6 ઈંચ RCCથી જ બનવો જોઈએ. હલકા મટીરિયલથી રસ્તો બનાવવા નહીં દઈએ." સમગ્ર મામલાની જાણ ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારી TDO, ફતેપુરા અને જિલ્લા વહીવટી તંત્રને પણ કરી દીધી છે. 15મા નાણાપંચના માર્ગદર્શન મુજબ ગ્રામ્ય RCC રોડમાં ન્યૂનતમ 150mm RCC, 100mm DLC અને 150mm GSB ફરજિયાત છે. હવે તંત્ર આ મામલે શું કાર્યવાહી કરે છે તેના પર સૌ ગામ લોકોની નજર છે.

દાહોદ જિલ્લામાં ચોમાસા નો આરંભ

ધાનપુરને બાદ કરતા તમામ તાલુકામાં વરસાદનું આગમન

(પ્રતિનિધિ) દાહોદ તા.3 દાહોદ જિલ્લામાં છેલા કેટલાય દિવસોથી લોકો વરસાદની રાહ જોઈ રહ્યા હતા ત્યારે ગઈ કાલે તારીખ ૨ ના રોજ જિલ્લામાં વર્ષાઋતુના આરામ થયો હોવાનું જોવા મળી રહ્યું છે જિલ્લામાં વીતેલા ૨૪ કલાક દરમિયાન ધાનપુર તાલુકાને બાદ કરતા દસ તાલુકામાં છ થી માંડી ૯૮ મિલિમિટર વરસાદ વરસ્યો છે જિલ્લામાં ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ ગરબાડા તાલુકામાં પોણા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે તો ફતેપુરામાં ૪૫ મીમી, ઝાલોદમાં ૩૯ મીમી, લિમખેડામાં ચાર મીમી, દાહોદમાં નવમીમી, દેવગઢબારિયામાં ૯ મીમી, સંજેલીમાં ૧૧મીમી, સિંગવડમાં નવ મીમી, ગોવિંદ ગુરુ લીમડીમાં ૨૧મી મી અને સુખસરમાં ૩૪મી મી વરસાદ વરસ્યાનું સત્તાવાર રીતે જાણવા મળે છે આ વરસાદ વરસતા જિલ્લા માં ટાઢક નું વાતાવરણ સર્જાતા ગરમીથી લોકોને રાહત મળી છે તો ખેડૂતોના મોઢે મલકાટ જોવા મળી રહ્યો છે.

કાંકણપુરની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) ગોધરા તા.3

ગોધરા તાલુકાની કાંકણપુર સ્થિત જે. એલ. કે. કોટેચા આર્ટ્સ એન્ડ મતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ ખાતે બી.એ. અને બી. કૉમ. સેમેસ્ટર-૧ માં નૂતન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે કોલેજ પરિવાર દ્વારા તમામ નવા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓને શુકન રૂપે પેન ભેટમાં આપી અને ચોકલેટથી સૌનું મીઠું મોઢું કરાવીને તેમની નવી શૈક્ષણિક સફરની શરૂઆત કરાવવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય જગદીશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરી પોતાના શબ્દોથી તમામ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા જ્યારે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહે વિદ્યાર્થીઓના ઉજ્જવળ

ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. એસ. એસ. રખિયાણિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આગળ વધારતા ડૉ. મોહસીન ગરાનાએ કોલેજના તમામ પ્રાધ્યાપકોનો નવપ્રવેશિત વિદ્યાર્થીઓ સાથે પરિચય કરાવ્યો હતો જેથી વિદ્યાર્થીઓ કોલેજના શૈક્ષણિક માહોલથી પરિચિત થઈ શકે.

પંચમહાલમાં ૧૧૩ મહેસૂલી તલાટીઓની ફાળવણી કરાઈ

(પ્રતિનિધિ) ગોધરા તા.3

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલ વિભાગમાં પસંદગી પામેલા મહેસૂલી તલાટીઓને નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમનું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું હતું.

જેના અનુસંધાને પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પણ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પંચમહાલ જિલ્લામાં નિમણૂક પામેલા તમામ 113 નવનિયુક્ત મહેસૂલી તલાટીઓને અધિક નિવાસી કલેક્ટર જે.જે પટેલના હસ્તે નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

નિવાસી કલેક્ટરે તમામ ઉમેદવારોને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે નવનિયુક્ત મહેસૂલી તલાટીઓને સંબોધતાં નિવાસી અધિક કલેક્ટર જે જે પટેલએ જણાવ્યું કે, તંત્રમાં મહેસૂલી તલાટીની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. જ્યાં પણ નિમણૂક થાય ત્યાં સંપૂર્ણ નિષ્ઠા, સેવાભાવ અને જવાબદારીપૂર્વક પોતાની ફરજ બજાવવી જરૂરી હોવાની સલાહ આપી હતી.

પંચમહાલમાં ખરીફ ઋતુ પૂર્વે કૃષિ વિભાગની સક્રિય કામગીરી

હલકી ગુણવત્તાના ખાતર-બિયારણ વેચનારાઓ સામે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) ગોધરા તા.3

પંચમહાલ જિલ્લામાં ખરીફ ઋતુ પૂર્વે કૃષિ વિભાગના ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા ખેડૂતોના હિતમાં એક સક્રિય કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડૂતોને યોગ્ય ગુણવત્તાવાળા રાસાયણિક ખાતર, જંતુનાશક દવા અને બિયારણ મળી રહે તે હેતુથી વડી કચેરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ વિભાગીય સ્કવોડ દ્વારા જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં સઘન તપાસ કરવામાં આવી હતી. કૃષિ વિભાગની સ્કવોડ દ્વારા જિલ્લાની આશરે ૭૨ જેટલી પેઢીઓમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જુદા-જુદા તાલુકાઓમાંથી બિયારણના ૧૯, રાસાયણિક ખાતરના ૬ અને જંતુનાશક દવાઓના ૧૨ મળી કુલ ૨૬ નમૂનાઓ ગુણવત્તાની ચકાસણી માટે સરકારી પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે. જો આ અહેવાલમાં કોઈ નમૂનો હલકી ગુણવત્તાનો જણાશે, તો સંબંધિત વિક્રેતા, ઉત્પાદક કે કંપની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. નિયમોના પાલનમાં નિષ્કાળજી દાખવનાર, સ્ટોક પત્રક અને બિલ બુક નિયમિત ન રાખનાર વિક્રેતાઓને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

'વન ડે - વન અસેમ્બલી' ના સંકલ્પ અંતર્ગત પ્રવાસ યોજાયો

શહેરા વિધાનસભા વિસ્તારનો ભાજપ પ્રમુખનો પ્રવાસ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ 'વન ડે - વન અસેમ્બલી' ના સંકલ્પ અંતર્ગત આજે પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ શહેરા વિધાનસભા વિસ્તારનો પ્રવાસ કર્યો હતો. પ્રવાસ દરમિયાન તેમણે કાર્યકર્તાઓ, વરિષ્ઠ આગેવાનો, યુવાનો, વિધાર્થીઓ, ખેડૂતો સાથે મુલાકાત કરી, આત્મીય સંવાદ સાધી સંગઠનના સશક્તિકરણ, વિકસિત ભારતના સંકલ્પ, ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિત અને વિકાસલક્ષી કામગીરી અને પ્રાકૃતિક કૃષિ સહિતના વિવિધ મુદ્દાઓ પર કાર્યક્રમ અનુરૂપ વાર્તાલાપ કર્યો હતો.

જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના શહેરા વિધાનસભા ક્ષેત્રના પ્રવાસની શુભ શરૂઆત પૌરાણિક મંદિર મરડેશ્વર મહાદેવ મંદિરે દર્શન અને પૂજન-અર્ચન સાથે કરી હતી. આ પ્રસંગે તેમણે દેવાધિદેવ મહાદેવ સમક્ષ સમગ્ર ગુજરાતના નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. 'બુથ સંવાદ' અંતર્ગત શહેરા તાલુકાના મોરવા (રેણા) ખાતે આયોજિત કાર્યક્રમમાં

વિશ્વકર્માએ બુથના કાર્યકર્તાઓ, સંગઠનના પદાધિકારીઓ તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે ઊર્જાસભર સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી તાકાત સમર્પિત કાર્યકર્તા સાથેનુ બુથ સ્તર સુધીનું મજબૂત સંગઠન છે. સંગઠનના પ્રત્યેક કાર્યકર્તાના પરિશ્રમ, શિસ્ત અને સતત જનસંપર્કના પરિણામે ભાજપ અવિરત જનવિશ્વાસ પ્રાપ્ત કરી રહ્યું છે. તેમણે દરેક કાર્યકર્તાને સમાજના અંતિમ વ્યક્તિ સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે સતત કાર્યરત રહેવા આહ્વાન કર્યું હતું.

જગદીશભાઈ વિશ્વકર્માએ શહેરા ખાતે પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે પણ બેઠક યોજી તેમના બહોળા રાજકીય અને સંગઠનાત્મક અનુભવના આધારે માર્ગદર્શન અને સૂચનો સાંભળી ફળદાયી ચર્ચા કરી હતી. આ અવસરે તેમણે જણાવ્યું હતું કે વર્ષોના ત્યાગ, પરિશ્રમ અને સમર્પણથી સંગઠનનો મજબૂત પાયો ઊભો કરનાર વરિષ્ઠ આગેવાનોનું માર્ગદર્શન દરેક કાર્યકર્તા માટે પ્રેરણારૂપ છે. નવા અને અનુભવી કાર્યકર્તાઓ વચ્ચેનો સુભગ સમન્વય સંગઠનની મજબૂતાઈ માટે અત્યંત મહત્વનો છે. પ્રવાસ દરમિયાન વિશ્વકર્માએ ચાંદણગઢ ખાતે ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું તથા સમગ્ર રાજ્યના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત શહેરા ખાતે આયોજિત 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમમાં વિશ્વકર્માએ મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકાને વિશેષ મહત્વપૂર્ણ ગણાવી હતી.

દાહોદની રામ કો ઓપ. સોસા.ના ચેરમેનની વરણી

દાહોદ : દાહોદ શહેરની રામ કો-ઓપરેટીવ સોસાયટીના ડિરેક્ટરો માટે ગત તારીખ ૨૮ ના રોજ ચૂંટણી યોજાઈ હતી તેમાં ભરતસિંહ સોલંકી ની વિકાસ પેનલના સાતેય સભ્યોનો જવલંત વિજય થયો હતો અને બેંકના સભાસદો એ બેંકમાં પરિવર્તન નહીં પરંતુ વિકાસને પ્રાધાન્ય આપ્યું હતું ત્યારબાદ રામ બેંકના સભાખંડમાં વિજેતા ડિરેક્ટરોએ મળી બેંકના ચેરમેન તરીકે ભરતસિંહ સોલંકીની વરણી કરી હતી તો સાથે મેનેજિંગ ડિરેક્ટર પદે વિનોદભાઈ પરમાર, ઉપપ્રમુખપદે રાજેન્દ્રભાઈ ચોર્યા અને સેક્રેટરી પડે હિંમતસિંહ તડવીની સરવાનું મતે વરણી કરાઈ હતી.

જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે : તાલુકા પંચાયત પ્રમુખ

ધાનપુરના ખડદા ગામે પાણી, રોડ અને બોરિંગના કામોમાં ગેરરીતિના આક્ષેપ

(પ્રતિનિધિ) ધાનપુર તા.3

ધાનપુર તાલુકાના ખડદા ગામમાં વર્ષોથી પાણી અને રોડ-રસ્તાની મૂળભૂત સુવિધાઓના અભાવ તેમજ બોરિંગ અને હેન્ડપંપના કામોમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપોને લઈને ગ્રામજનોએ તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન અલકેશભાઈ સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતના અનુસંધાને તાલુકા પંચાયત પ્રમુખે ગામની સ્થળ મુલાકાત લઈને ગ્રામજનોની સમસ્યાઓનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન સીમાડા ફળિયામાં રહેતા એક પરિવારે વીજળી અને પીવાના પાણીની સુવિધાના અભાવે અંધકારમય અને મુશ્કેલ

જીવન જીવવું પડી રહ્યું હોવાનું જણાવ્યું હતું. પરિવારના સભ્યોએ પીવાનું પાણી મેળવવા માટે દૂર સુધી જવું પડતું હોવાનું પણ રજૂ કર્યું હતું. આ અંગે તાલુકા પંચાયત પ્રમુખે સંબંધિત વિભાગ સાથે સંકલન કરી તાત્કાલિક પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. ગ્રામજનોએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે ગામમાં કેટલીક જગ્યાએ માત્ર બોરિંગ કરવામાં આવ્યા છે, પરંતુ તેમાં મોટર કે હેન્ડપંપ લગાવવામાં આવ્યા નથી. જ્યારે કેટલીક જગ્યાએ કાગળ પર કામ પૂર્ણ બતાવવામાં આવ્યું હોવા છતાં વાસ્તવમાં કોઈ કામગીરી થઈ નથી. આ રજૂઆતોને ગંભીરતાથી લઈને તાલુકા પંચાયત પ્રમુખે ખુલ્લા બોરિંગની સ્થળ પર મુલાકાત લીધી હતી. તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેને જણાવ્યું હતું કે સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવવામાં આવશે અને જો ગેરરીતિ કે બેદરકારી સામે આવશે તો જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

જ્યોત સખી મંડળને બે દિવસમાં રૂ. ૫૦ હજારનું વેચાણ

વડોદરાની વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં દાહોદના બામ્બુ ક્રાફ્ટને મળી નવી ઓળખ

વડોદરા : વાઈબ્રન્ટ ગુજરાત સમિટ 2026માં દાહોદ જિલ્લાના પરંપરાગત બામ્બુ ક્રાફ્ટે મુલાકાતીઓનું વિશેષ ધ્યાન આકર્ષ્યું છે. જ્યોત સખી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલા વાંસમાંથી બનેલા વિવિધ હસ્તકલાના ઉત્પાદનોને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. સમિટ દરમિયાન માત્ર બે દિવસમાં રૂ. ૫૦ હજારનું વેચાણ નોંધાયું છે, જ્યારે રૂ. ૩૦હજારના નવા ઓર્ડર પણ પ્રાપ્ત થયા છે. સમિટ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જ્યોત સખી મંડળના સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમણે વાંસમાંથી તૈયાર કરાયેલા વિવિધ ઉત્પાદનોનું નિરીક્ષણ કરી કારીગરોના પ્રયાસોની પ્રશંસા કરી હતી તેમજ આવા પરંપરાગત હસ્તકલા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જ્યોત સખી મંડળના સંચાલક ચંચલબહેન છેલ્લા ૧૮ વર્ષથી વાંસકામની પરંપરાગત કળાને જીવંત રાખવા માટે કાર્યરત છે. વર્ષ ૨૦૧૪માં તેમણે પોતાના મૂડીરોકાણથી આ વ્યવસાયની શરૂઆત કરી હતી.

આજે તેમના નેતૃત્વ હેઠળ પરંપરાગત કારીગરીને આધુનિક બજારની માંગ સાથે સફળતાપૂર્વક જોડવામાં આવી રહી છે. સખી મંડળ દ્વારા વાંસમાંથી ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓ, શણગારાત્મક ઉત્પાદનો અને હસ્તકલાની વિવિધ કૃતિઓ તૈયાર કરવામાં આવે છે.

દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ફાયર વિભાગ દ્વારા ટ્રેનિંગ યોજાઈ

દાહોદ : દાહોદ નજીકના ઝાયડસ કોલેજ કેમ્પસમાં ફાયર વિભાગ અને ઝાયડસ કોલેજ દ્વારા ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફાયરની ઘટના સમયે શું કરવું જોઈએ તેવા અગત્ય વિષય ટ્રેનીંગનો કાર્યક્રમ યોજાયો હતો.

આ ટ્રેનિંગ ફાયર ઓફિસર દિપેશભાઈ જૈન સહિતની ફાયરની ટીમ દ્વારા કોલેજના પ્રથમ વર્ષના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી કેમ્પસમાં ફાયર સેફટી ના દરેક પ્રકારના સાધનો અવેલેબલ છે અને ભવિષ્યમાં કોઈપણ સમયે બનાવ બને ત્યારે આ સાધન સામગ્રીનો ઉપયોગ કેવી રીતે કરવો તે માટેની એક સારી ટ્રેનિંગ યોજાઈ હતી તેમજ આ રીતની ટ્રેનીંગ ના આયોજન ફાયર વિભાગ દ્વારા પ્રતિ વર્ષ કરવામાં આવતું હોવાની પણ જાણકારી મળી છે.

લકડીપોયડા ખાતે ડિજિટલ હયાતી ખરાઈ કેમ્પ યોજાયો

દાહોદ : મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલી સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, લકડીપોયડા ખાતે જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના વિશેષ સહયોગથી એક અગત્યના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાલસર ક્લસ્ટરમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો તેમજ આજુબાજુના ગામોના વિધવા પેન્શન અને વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થીઓ માટે બાયોમેટ્રિક પદ્ધતિ દ્વારા 'DLC (ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ) - ડિજિટલ હયાતીની ખરાઈ' કરવા માટેનો વિશેષ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ મહીસાગર જિલ્લા આચાર્ય સંઘના અધ્યક્ષ નિલેશભાઈની

ગરિમામય ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે કેમ્પમાં ઉપસ્થિત એક ID (માનસિક મંદતા ધરાવતા) બાળકને વિશેષ શૈક્ષણિક/જીવનજરૂરી કીટ આપવામાં આવી હતી. આ સાથે જ, ભારત વિકાસ પરિષદ, બાયડ ના ઉમદા સહયોગથી કેમ્પમાં હાજર રહેલા તમામ લાભાર્થીઓ અને બાળકો માટે ચા-નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

રૂ. ૯૦ લાખનો ખર્ચ માથે પડ્યાની લાગણી : વિકાસ અટવાયો

કાલોલ પાલિકામાં ભ્રષ્ટાચારનો ભોરિંગ સમાન નવી ગટરલાઈનનો સ્લેબ ધરાશાયી, ટ્રક ફસાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.3

શુક્રવારે સવારે કાલોલ પાલિકા કચેરી રોડ પર આવેલા સડક ફળિયા અને પટેલ ફળિયાના નાકા પાસેથી એક માલવાહક ટ્રક પસાર થઈ રહી હતી. આ મુખ્ય માર્ગ પર ગત વર્ષે જ અંદાજે રૂ. ૯૦ લાખના ભારેખમ ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે નવી ગટરલાઈન બનાવવામાં આવી હતી. જોકે, ટ્રક પસાર થતાં જ ગટરલાઈન પરનો સિમેન્ટ કોંક્રિટનો સ્લેબ તૂટી પડ્યો હતો અને ટ્રકનું વ્હીલ ગટરના બોગદામાં ફસાઈ ગયું હતું. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ બપોર સુધી ક્રેઈનની મદદથી ટ્રકને હટાવવામાં ન આવી ત્યાં સુધી રસ્તાની બંને બાજુએ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વેપારી માલવાહક વાહનો અટવાઈ પડ્યા હતા. હાલમાં બનેલા સીસી રોડ માં શાંતિનગર થી નવાપુરા ત્રણ રસ્તા નુ કામ અધૂરું છોડી દેવાયું છે પરિણામે પાણી ભરાયેલ રસ્તા ઉપર થી વાહન ચાલકો પસાર થાય ત્યારે ખાડામાં ઉતરી જાય છે. ગત વર્ષે પાલિકાના વહીવટદારો દ્વારા ડ્રેનેજ લાઈન મોટી અને પહોળી કરવાનું આયોજન કરાયું હતું. અંદાજે રૂ. ૯૮ લાખના આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને 'ઉદય કન્સ્ટ્રક્શન' કંપનીને રૂ. ૯૦ લાખમાં આ કામ મંજૂર કરવામાં આવ્યું હતું. સ્થાનિકોમાં ચાલતી ચર્ચા મુજબ, આ કામગીરી કાગળ પર ઉદય કન્સ્ટ્રક્શનને અપાઈ હતી, પરંતુ વાસ્તવમાં પેટા-કોન્ટ્રાક્ટ (સબ-લેટ) આપીને પાલિકાના જ સત્તાધારી પક્ષના કાઉન્સિલર અથવા તેમના મળતિયાઓ દ્વારા જ આ કામ કરવામાં આવ્યું હતું. અને પેમેન્ટ પણ કરી દેવામાં આવ્યું હતુ.

દાહોદ જિલ્લામાં 11 DILR કચેરીઓ કાર્યરત

દાહોદ : દાહોદ જીલ્લાનાનાગરિકોને જમીન માપણી, હક્ક પત્રક કે, જમીન રેકોર્ડને લગતી સેવાઓ મેળવવામાં વધુ સરળતા રહે તે માટે જીલ્લા નિરીક્ષક જમીન દફ્તર (DILR) વર્ગ-૨ હસ્તકની કામગીરીઓનું હવે તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કર્યું છે. આ વહીવટી સુધારાના ભાગરૂપે 11 તાલુકાઓમાં નવી તાલુકા કક્ષાની જમીન દફ્તર નિરીક્ષક વર્ગ-૨ ની કચેરીઓ સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં

અરજદાર :- તડવી શનીબેન સરતનભાઈ
રહે.વિસલંગા તા. લીમખેડા, જિ. દાહોદ
વિરૂધ્ધ
સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, વિસલંગા, તા. લીમખેડા, જિ. દાહોદ

અરજદાર તરફ વિ.વ.શ્રી
કેસ નં.૧૧૧૦/૨૦૨૫
તા. ૦૨-૦૬-૨૦૨૬

જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી તડવી શનીબેન સરતનભાઈ રહે. વિસલંગા તા. લીમખેડા, જિ. દાહોદએ તેમની પુત્રી નામે તડવી પૂર્ણીકાબેન સરતનભાઈનો જન્મ તા.૨૦-૦૬-૨૦૧૬ના રોજ વિસલંગા તા.લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારશ્રીની પુત્રીનો જન્મ થયેલ ત્યાર જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી વિસલંગા તા.લીમખેડા, જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી તેથી સદરહું અરજદારને તેમની પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં.૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.

જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ ૦૨ માહે : જુલાઈ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
અને મામલતદાર લીમખેડા